**પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન**

ક્રમાંક:–મઉમશબ/ક/ ૩૭૮૧ /૨૦૨૨
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, સેકટર–૧૦–બી,
જુના સચિવાલય પાસે, ગાંધીનગર.
તારીખ :– ૨૩ /૦૭/૨૦૨૨

**પ્રતિ,**
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:– પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન બાબત.

સંદર્ભ:– ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડના તા.૧૯/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક: મઉમશબ/માધ્યમિક/જે/૭૪૪૭/૨૦૨૨.

ઉપર્યુક્ત વિષય પરત્વેના અત્રેના તા.૧૯/૦૭/૨૦૨૨ના પત્ર તરફ આપનું ધ્યાન દોરી જણાવવાનું કે, વિદ્યાર્થીઓના શિક્ષણના અભ્યાસમાં સાતત્ય જળવાઈ રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહેલ છે. જેના અનુસંધાને ધોરણ–૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનની પદ્ધતિ એકમ કસોટીના સ્થાને અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે. જેમાં શાળાએ પ્રશ્નબેંકમાંથી પ્રશ્નો પસંદ કરી પોતાની રીતે મૂલ્યાંકન હાથ ધરવાનું રહેશે. હવેથી એકમ કસોટીના સ્થાને પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનનો ઉલ્લેખ કરવામાં આવશે. તે બાબત ધ્યાને લેવા વિનંતી કરવામાં આવે છે. પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકનના અમલ માટે તા.૧૯/૦૭/૨૦૨૨ના પત્રથી આપેલ સૂચનાઓ રદ કરીને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે જે મુજબ અમલ કરવા જણાવવામાં આવે છે.

**સૂચનાઓ:–**

- શાળાઓએ ધોરણ– 09 થી 12નું પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન તા.27જુલાઈ 2022 ના રોજ ૧–૧ કલાકના બે સેશનમાં યોજવાનું રહેશે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે ધો.9 થી 12 ના દરેક ધોરણના માત્ર 2(બે) વિષયો માટેની પ્રશ્નબેંક બોર્ડ દ્વારા તૈયાર કરી મોકલવામાં આવશે. જેની વિગતો સમયપત્રકમાં ઉપલબ્ધ છે.
- પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટે જુન અને જુલાઈ માસના એકમો અભ્યાસક્રમ તરીકે રહેશે. જેની વિગતો અભ્યાસક્રમના પત્રકમાં દર્શાવેલ છે.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકના આધારે જ પ્રશ્નબેંકનું આયોજન કરવામાં આવશે.
- શાળાઓ તા:–27/07/2022 ના રોજ સવારે ૦૯:૩૦ કલાકથી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર શાળાનો ઈન્ડેક્ષ નંબર તથા પાસવર્ડ દ્વારા લોગ ઈન થઈ પ્રશ્નબેંક ડાઉનલોડ કરી શકશે.

➢ શાળાઓએ આ સાથે સામેલ સમયપત્રક મુજબ તમામ વિદ્યાર્થીઓનું લેખિત મૂલ્યાંકન કરવાનું રહેશે.

➢ ઓન–લાઈન મેળવેલ પ્રશ્નબેંકના આધારે શાળાએ પ્રશ્નો પસંદ કરી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે. જે માટે વિષયવાર પ્રશ્નબેંકમાં આપેલ સૂચનાઓને અનુસરવાનું રહેશે.

➢ શાળાએ વિદ્યાર્થીઓના મૂલ્યાંકનની કાર્યવાહી યોગ્ય રીતે થાય તેની તકેદારી રાખવી તથા મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણની વિગતો અને જરૂરી દસ્તાવેજો સમગ્ર વર્ષ દરમિયાન શાળા કક્ષાએ સાચવી રાખવાના રહેશે.

➢ રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ફરજિયાતપણે બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નબેંકના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાનું રહેશે. જ્યારે રાજ્યની સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પ્રશ્નબેંકનો સ્વૈચ્છિક રીતે ઉપયોગ કરી શકશે.

M.K. Raval
નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

- **બીડાણ:–**

1) ધોરણ 9 થી 12 નો મૂલ્યાંકન માટેનો અભ્યાસક્રમ.
2) મૂલ્યાંકન માટેનું સમયપત્રક.

- **સવિનય નકલ રવાના:–**

1) માન. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2) માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) સચિવાલય, ગાંધીનગર.
3) માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, બીજો માળ, ગાંધીનગર.
4) માન.સ્ટેટ પ્રોજેક્ટ કો.ઑર્ડિનેટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.
5) માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
6) માન. નિયામકશ્રી શાળાઓની કચેરી, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.

- **નકલ રવાના જાણ સારૂ:–**

1) માન. નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર.
2) માન. નિયામકશ્રી જીસીઇઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર.
3) માન. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
4) માન. સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
5) ના.નિયામકશ્રી, પરીક્ષા તમામ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
6) આઈ.ટી. મેનેજરશ્રી, આઈ.ટી. શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

# પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટેનું સમયપત્રક

| તારીખ | સમય | ધોરણ | વિષય |
|---|---|---|---|
| ૨૭/૦૭/૨૦૨૨ | એક કલાક (પ્રથમ સેશન) | ધોરણ–૯ અને ધોરણ–૧૦ | વિજ્ઞાન(૧૧) |
| | | ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ) | અંગ્રેજી (પ્રથમ ભાષા) (૦૬ F.L.)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (૦૧૩ S.L.) |
| | | ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | રસાયણ વિજ્ઞાન (૫૨) |
| ૨૭/૦૭/૨૦૨૨ | એક કલાક (બીજું સેશન) | ધોરણ–૯ અને ધોરણ–૧૦ | સામાજિક વિજ્ઞાન (૧૦) |
| | | ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ (સામાન્ય પ્રવાહ) | મનોવિજ્ઞાન (૧૪૧) / વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (૦૪૬) |
| | | ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ (વિજ્ઞાન પ્રવાહ) | ગણિત (૫૦) / જીવવિજ્ઞાન (૫૬) |

નિયામક (પરીક્ષા)
ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર

# પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન માટેનો અભ્યાસક્રમ

## ધોરણ-9

| વિષય | માસ | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| સામાજિક વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧ | ભારતમાં બ્રિટીશ સત્તાનો ઉદય |
| | | પ્રકરણ-૮ | ભારત રાજ્ય બંધારણ ઘડતર અને લક્ષણો |
| | જુલાઇ | પ્રકરણ-૨ | પ્રથમ વિશ્વ યુધ્ધ અને રશિયન ક્રાંતિ |
| વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧ | આપણી આસપાસમાં દ્રવ્ય |
| | જુલાઇ | પ્રકરણ-૫ | સજીવનો પાયાનો એકમ |

## ધોરણ-10

| વિષય | માસ | પ્રકરણ | પ્રકરણનું નામ |
|---|---|---|---|
| સામાજિક વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧ | ભારતનો વારસો |
| | | પ્રકરણ-૮ | કુદરતી સંસાધનો |
| | | પ્રકરણ-૧૫ | આર્થિક વિકાસ |
| | જુલાઇ | પ્રકરણ-૨ | ભારતનો સાંસ્કૃતિક વારસો: પરંપરાઓ : હસ્ત અને લલિતકલા |
| | | પ્રકરણ-૩ | ભારતનો સાંસ્કૃતિક વારસો: શિલ્પ અને સ્થાપત્યકલા |
| વિજ્ઞાન | જુન | પ્રકરણ-૧૫ | આપણું પર્યાવરણ |
| | | પ્રકરણ-૧ | રાસાયણિક પ્રક્રિયાઓ અને સમીકરણો |
| | જુલાઇ | પ્રકરણ-૬ | જૈવિક ક્રિયાઓ |

# મૂલ્યાંકન આધારિત પ્રશ્નબેંક માટેનો સુધારેલ અભ્યાસક્રમ

## ધો.૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહ માટે

| ધોરણ | વિષય | પ્રકરણ |
|---|---|---|
| ૧૧ | ગણિત(૦૫૦) | ૧. ગણ<br>૨. સબંધ અને વિધેયો |
| ૧૧ | રસાયણ વિજ્ઞાન(૦૫૨) | ૧. રસાયણ વિજ્ઞાનની કેટલીક પાયાની સંકલ્પનાઓ<br>૨. પરમાણુંનું બંધારણ |
| ૧૧ | જીવ વિજ્ઞાન(૦૫૬) | ૧.સજીવ સૃષ્ટિ<br>૨. જૈવિક વર્ગીકરણ<br>૩. વનસ્પતિ સૃષ્ટિ |
| ૧૨ | ગણિત(૦૫૦) | ૧. સબંધ અને વિધેય<br>૨. ત્રિકોણમિતિય પ્રતિવિધેયો<br>૩. શ્રેણિક |
| ૧૨ | રસાયણ વિજ્ઞાન(૦૫૨) | ૧. ઘન અવસ્થા<br>૨. દ્રાવણો |
| ૧૨ | જીવ વિજ્ઞાન(૦૫૬) | ૧. સજીવોમાં પ્રજનન<br>૨. સપુષ્પી વનસ્પતિઓમાં લિંગી પ્રજનન<br>૩. માનવ પ્રજનન |



## ધોરણ- ૧૧ સામાન્ય પ્રવાહ

## પ્રશ્ન બેંક આધારીત મૂલ્યાંકન માટેનો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| 11 | ENGLISH (006) (F.L) | Book : Hornbill<br>Ch. 1 A Portrait of a Lady<br>Ch. 2 We're not afraid to die ...<br>Poem.1 A Photograph<br>Grammar<br>- Idioms and Phrases<br>Composition<br>- Report Writing |
| 11 | ENGLISH (013) (S.L) | Unit-1<br>Read-1 The Journey of My Life: From Earth to Everest<br>Read-2 The Wild Saviour<br>Unit-2<br>Read-1 Autofab Technology<br>Supp. Reading<br>1. Think Pink, Think Flamingo<br>2. Penguin, My Friend |
| 11 | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) | 1. ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર<br>2. ધંધાકીય એવાઓ – ૧ |
| 11 | મનોવિજ્ઞાન (141) | પ્રકરણ – ૧ મનોવિજ્ઞાન – એક વિજ્ઞાન |

# ધોરણ- ૧૨ સામાન્ય પ્રવાહ

## પ્રશ્ન બેંક આધારીત મૂલ્યાંકન માટેનો અભ્યાસક્રમ

| ધોરણ | વિષય અને કોડ | પ્રકરણ |
|---|---|---|
| 12 | ENGLISH (006) (F.L) | Book : Flamingo<br>Ch. 1 The Last Lesson<br>Ch. 2 Lost Spring<br>Poem 1. My Mother at Sixty-six<br>Poem 2. An Elementary School Classroom in a Slum<br>Book : Vistas<br>Ch. 1 The Third Level<br>Grammar<br>- Idioms and phrases<br>Comprehension<br>- Email Writing |
| 12 | ENGLISH (013) (S.L) | Unit-1<br>Read-1 Can You Install LOVE?<br>Read-2 Sunrise on the Kangchenjunga<br>Unit-2<br>Read-1 Unforgettable Walt Disney<br>Read-2 Shaper Shaped<br>Supp. Reading<br>1. The Birdman of India<br>2. Her Words, His Vision<br>3. Final Game |
| 12 | વાણિજય વ્યવસ્થા અને સંચાલન (046) | 1. સંચાલનનું સ્વરૂપ અને મહત્વ<br>2. સંચાલનના સિદ્ધાંતો<br>3. આયોજન |
| 12 | મનોવિજ્ઞાન (141) | પ્રકરણ -૧ સંવેદન, ધ્યાન અને પ્રત્યક્ષીકરણ<br>પ્રકરણ – ૨ શીખવાની ક્રિયા<br>( પ્રશિષ્ટ અભિસંધાનના પ્રયોગ સુધી ) |